## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કોંગ્રેચ્યુલેશન સર, બેબી આવી છે... એ તમારો મોબાઇલ માગે છે... પહેલી સેલ્ફી લેવા...!!

# મચ્છરજન્ય રોગચાળાને ડામવા જિલ્લા આરોગ્યતંત્રનો એકશન પ્લાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળાએ માઝા મુકી છે. ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. મેલેરીયા અને ડેન્ગ્યુના કેસમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળતા તંત્ર પણ ચિંતિત છે. ગાંધીનગર શહેર-જિલ્લાને રોગચાળો અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં કરવા ખાસ એકશન પ્લાન તૈયાર કરીને વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદી વાતાવરણ છે. જેથી ભેજવાળી આબોહવાને પગલે મચ્છરોનું બ્રીડીંગ વધ્યુ છે. શહેર-જિલ્લામાં મેલેરીયા અને ડેન્ગ્યુના કેસમાં ઉછાળો જોવા મળે છે. ઘર અને નોકરીના સ્થાને કેટલાક સ્થળે પાણી



ભરાઈ રહેવાને પગલે મચ્છરોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે.જેથી મેલેરીયા અને ડેન્ગ્યુના બિમારીના કેસ વધ્યા છે.ત્યારે વધી રહેલા મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરાયો છે. જેને અન્વયે ગત સોમવારે ગ્રામ્ય વિસ્તારની દુકાનો, જાહેર સ્થળો, સંસ્થાઓ,સહિતના સ્થાનો પર સર્વેલન્સની એન્ટી લારવાની કામગીરી કરવામાં આવી હતી. જયારે મંગળવારના રોજ અંદાજીત ૨૬૨ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં લઘુ અને ગુરુ શિબિર યોજાઈ હતી.જેમાં આરોગ્ય એ શિક્ષણ તેમજ પ્રદર્શનની કામગીરી કરવામાં આવી હતી. મમતા દિવસે સગર્ભા બહેનો અને ધાત્રીમાતાઓને જાગૃત કરવામાં આવ્યા હતા. ગુરુવારે ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારની ૨૬૭ શાળાઓમાં આરોગ્યની ટીમ દ્વારા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને મચ્છરના પોરા નિર્દશન અને ગપ્પી માછલીની કામગીરીથી માહિતગાર કર્યા હતા. જયારે મચ્છરના નિયંત્રણ અંગે વિદ્યાર્થીઓને સવિસ્તાર સમજણ પુરી પાડી હતી. દરેક શાળામાં ૧૦ મીનીટ મચ્છરજન્ય રોગચાળાને અંકુશમાં લેવા માટેના અટકાયતી પગલા અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવા જણાવાયું હતું.જયારે મેલેરીયા અને ડેન્ગયુને કાબુમાં કરવા માટે ખાસ એકશન પ્લાનની વિવિધ કામગીરીમાં આરોગ્યના કર્મચારીઓએ સુપેરે પોતાની ફરજ બજાવી હતી.

## રાયપુર નજીક રીક્ષામાંથી કોપરના વાયર સાથે ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના રાયપુર ગામ તરફ જતા માર્ગ પરથી રીક્ષામાંથી કોપરની કોઈલ તેમજ કોપરના અન્ય સામાનની હેરાફેરી કરતા ચાર શખ્સોને ડભોડા પોલીસે દબોચી લીધા છે. પોલીસે ચાર શખ્સો પાસેથી રૂ.૧.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાણા ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા.તે સમય દરમિયાન દહેગામ-અમદાવાદ સ્ટેટ માર્ગ પર રાયપુર ગામ તરફ જવાના માર્ગ પર એક સીએનજી રીક્ષામાં ચાર શખ્સો શંકાસ્પદ હાલતમાં પસાર થયા હતા. જેથી પોલીસે રીક્ષા રોકીને ચેક કરતા શખ્સો ગભરાઈ ગયા હતા. પોલીસે રીક્ષામાં તપાસ કરતા કુલ વજન-૫૬ કિલો જેમાં કોપરની કોઈલ નંગ-૭, સબમર્સિબલ પંપ, ૨૦ મીટર લાંબો એક કાળા કલરનો જાડો એલ્યુમિનિયમનો તારવાળો કેબલ મળી આવ્યો હતો.પોલીસે આ મુદ્દે ચારેય શખ્સની પુછપરછ કરતા તેઓએ પોતાના નામ આકાશ રામનારાયણ ભગીરથસિંહ તોમર (હાલ રહે મ.૫૦૩ વાડીવાળો ઠાકોરવાસ પ્રેમચંદની ચાલી સલમપોર રંગીલા હનુમાનજી ચાલી સામે સરસપુર), ધર્મેન્દ્ર કલ્યાણસિંહ ભેરવસિંહ તોમર (રહે રામેશ્વર ખોમાજીની ચાલી મેઘાણીનગર), અનિલ સતિષકુમાર રામવીર ટાંક (રહે.રામેશ્વર ખોમાજીની ચાલી મેઘાણીનગર), સોમનાથ પુરણસિંગ નેહાલસિંગ રાજપુત (રહે. કલાપીનગર રતનપોપટની ચાલી મીનાબજાર પાછળ ઓમનગર ફાટકની બાજુમાં સિવિલ હોસ્પિટલ અસારવા) હોવાનું જણાવ્યું હતું. જો કે ચારેય શખ્સો કોપરના સામાન અંગે ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા.ડભોડા પોલીસે કુલ રૂ.૧ લાખ ૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કલેકટર કચેરી સામે પાર્કિંગમાંથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૧૧

શહેરની કલેકટર કચેરી સામે ખુલ્લા પાર્કિંગમાંથી ભરબપોરે સીએનજી રીક્ષા ની ચોરી થવા પામી છે. બપોરે બે વાગ્યાના અરસામાં રીક્ષા ચાલક દિકરી અને પત્નીને લઈ જાતીનુ પ્રમાણપત્ર નીકાળવાનું હોવાથી કલેકટર કચેરી આવ્યા હતા. યુવકે રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ મુળ ગાંધીનગરના ઝાખોરા ગામના અને હાલ ચાંદખેડા હોમટાઉન-૪ ખાતે રહેતા કેતનભાઈ બળદેવભાઈ રાઠોડ પરિવાર સાથે રહે છે અને સેકટર-૧૧ કોમા ઈલેકટ્રોનીકસમાં મેન્ટનન્સ એકઝીક્યુટીવ તરીકે ફરજ બજાવે છે. કેતનભાઈએ વર્ષ ૨૦૧૯માં સીએનજી રીક્ષા જી.જે.૧૮.વાય.-૯૧૪૫ ખરીદી હતી જેનો ઉપયોગ તેઓ કરતા હતા.

ગતરોજ તેમની દિકરી દિવ્યાંશીનું જાતિનુ પ્રમાણપત્ર નીકાળવાનું હોવાથી પત્ની અને બાળકીને લઈ રીક્ષામાં તેઓ ગાંદીનગર સેકટર-૧૧ કલેકટર કચેરી ખાતે આવ્યા હતા. રીક્ષા બપોરે પોણા બે વાગે કલેકટર કેચરીના ગેટ સામે પાર્ક કરી હતી.ત્યારબાદ જનસેવામાં પ્રમાણપત્ર માટે ગયા હતા. ઓફિસમાં તમામ ડોક્યુમેન્ટ જમા કરાવી બપોરે અઢી વાગે કામ પુરુ થઈ જતા બહાર નીકળ્યા હતા.તે સમયે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર તેમની રીક્ષા ન હતી. રીક્ષાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.પરંતુ રીક્ષા મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## શ્રી ગાયત્રી વિદ્યામંદિર ખાતે ક્વિઝ સ્પર્ધા અને પોસ્ટલ લોન્ચિંગ કાર્યકમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય ભારત સરકારના નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર ના જિલ્લા યુવા અધિકારી શ્રી પંકજ મારેચા સર ના માર્ગદર્શન હેઠળ દહેગામ બ્લોકમાં કેચ ધ રેન પ્રોગ્રામ અંતર્ગત શ્રી ગાયત્રી વિદ્યામંદિર લિહોડા ખાતે પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં ક્વિઝ સ્પર્ધા અને પોસ્ટલ લોન્ચિંગ અને શાળા ના પ્રિનસીપાલ શ્રી બેચરભાઈ ચૌધરી દ્વારા યુવાનો જોડે જળ સંવાદ કરવામાં આવ્યો . ક્વીઝ સ્પર્ધાના વિજેતાઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય ઈનામ આપવામાં આવ્યું અને આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અનમોલ ફાઉન્ડેશન ના મેનેજીંગ ટ્રસ્ટી રૂત્વી શાહ દ્વારા કરવામાં આવ્યું.

## સે-૭ મકાન જ-૨ ટાઈપમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૭ જ-૨ સરકારી રહેણાંક મકાન નં.૭૦-૩ માંથી વિદેશી દારૂ-બિયર મળી કુલ-૧૫૫ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ બિયર, મોબાઈલ મળી કુલ રૂ.૩૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પોલીસ સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે સમયે તેઓને બામતી મળી હતી કે સેકટર-૭ બ્લોક નં.૭૦૩ જ-૨ ટાઈપ ખાતે રહેતો નરેશ દશરથ પાંડોર વિદેશી દારૂનો વેપાર કરે છે. જયારે તેના ઘરે પણ વિદેશી દારૂનો જથ્થો પડ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા ઘર પાસે એક શખ્સ ઉભો હતો તેને પોલીસે નામ પુછતા તેને નરેશ પાંડોર જણાવ્યું




હતું. જયારે તેના પિતા જુના સચિવાલય ખાતે નોકરી કરતા હોવાથી તેઓને ફાળવવામાં આવ્યું છે. હાલ આ મકાનમાં તે પરિવાર સાથે રહે છે.

પોલીસે એક રૂમ રસોડાના ઘરમાં તપાસ કરતા પતરાના પીપમાંથી તેમજ પલંગ નીચેથી વિદેશી દારૂ અને બિયર મળી કુલ-૧૫૫ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂબિયરનો રૂ.૨૫ હજારનો જથ્થો મોબાઈલ મળી કુલ રૂ.૩૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે શખ્સ વતનમાં ગયો હતો. ત્યાંથી રાજસ્થાનની બોર્ડર નજીક પડતી હોવાથી પ્રવિણ માલી નામના શખ્સ પાસેથી દારૂ લાવ્યો હોવાની કબુલાત કરી હતી.

## ચંદ્રાલા બ્રિજ ઉતરતા ટ્રકના ગુપ્ત ખાનામાંથી દારૂની ૩૨૨ પેટી ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૧

હિંમતનગર-ચિલોડા હાઈ-વે પર ચંદ્રાલા બ્રિજ ઉતરતા બિનવારસી પડી રહેલા ટ્રકના ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની ૩૨૨ પેટી એલસીબી-૨ પોલીસે ઝડપી પાડી છે. પોલીસે રૂ.૧૦.૩૪ લાખની કિંમતના વિદેશી દારૂની ૩૮૬૪ બોટલ તેમજ મોબાઈલ નંગ-૧ અને ટાટા ટ્રક કિં.૨૦.૩૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ તેમજ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટીએ જિલ્લામાં દેશી વિદેશી દારૂની હેરાફેરી - વેચાણની પ્રવૃતિ કડક કાર્યવાહી કરવા અધિકારીઓને સુચના આપવામાં આવી છે.જે અન્વયે એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારે ચિલોડા હિંમતનગર હાઈ વે પર બાતમીદારોનું નેટવર્ક કાર્યરત કરી પેટ્રોલીંગ સઘન બનાવાયું છે. આ દરમિયાન પીઆઈ એચ.પી.પરમારને બાતમી મળી હતી કે હિંતમનગર થી ટ્રક નં. જી.જે.૧૮.એ.ઝેડ.-૧૫૭૩ માં વિદેશી દારૂ ભરેલો છે.જેથી પોલીસે ટ્રકની શોધખોળ શરુ કરી હતી. પોલીસે ટ્રક શોધવા માટે હોટલ ઢાબાના પાર્કિંગ સહિતના સ્થાનો પર શોધખોળ આદરી હતી. ત્યારે બાતમીવાળી ટ્રક ચંદ્રાલા બ્રિજના છેડા પાસે બિનવારસી હાલતમાં મળી આવી હતી.જયારે ટ્રકમાં ચાલક કે અન્ય કોઈ શખ્સ હાજર જોવા મળ્યો ન હતો. પોલીસે ટ્રકમાં તપાસ કરતા બે ભાગ પાડેલા હતા. જયારે આખી ટ્રક ખાલી થઈ ગઈ હતી.પોલીસે ધીરજ રાખી તપાસ કરતા ટ્રકમાંથી કેબીન તરફ એક ચોરખાનુ મળી આવ્યું હતું. આ ચોરખાનામાંથી પોલીસે ૩૨૨ પેટી તેમજ બોટલ નંગ-૩૮૬૪ થી વધુ થવા જાય છે. જેથી એલસીબી રૂ.૧૦.૩૪ લાખનો દારૂ, એક મોબાઈલ ફોન, ટ્રક માલિક રવીન્દ્ર નટવરલાલ પટેલના (રહે.મોરબી) આરસી બુક વિના કાગળો લઈ કુલ રૂ.૨૦.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના વરદ્હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી જોષી, રૂપાલના સરપંચ વિલાસબા ભરતસિંહ ચાવડા અને જિલ્લા ડેલિગેટ હંસાબેન ઈન્દ્રવદનભાઈ પટેલ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સમર્પણ સ્કુલ ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો




શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકની સમસ્યા વકરી છે. શહેરના માર્ગો પર યુવાવર્ગ રોકેટગતિએ વાહનો હંકારતો નજરે પડે છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા પણ ટ્રાફિક નિયમનનું ઉલ્લઘંન કરતા ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી રહી છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક જાગૃતતા અભિયાન હેઠળ સમર્પણ પબ્લીક સ્કુલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હાજર રહેતા ટ્રાફિક પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમના પાઠ શીખવાડ્યા હતા.

## શહેરના માર્ગો પર સ્ટંટ કરતો બાઈક ચાલક યુવક



શહેરના માર્ગો પર કેટલાક યુવકો મોંઘાદાટ બાઈક ચલાવી અવનવા સ્ટંટ કરતા નજરે પડે છે. પોતાનો જીવ જોખમમાં મુકીને સ્ટંટ કરતા યુવકો અન્ય નાગરીકોના જીવ પણ જોખમમાં મુકે છે.ત્યારે શહેરના ગ માર્ગ પર બાઈક લઈને નીકળેલો યુવાન સ્ટંટ કરતો કેમેરામાં કેદ થયો છે.

## ગાંધીનગર જિલ્લા મુખ્ય HTAT સંઘ દ્વારા અધિકારીઓની શુભેચ્છા મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧૧

આજરોજ ગાંધીનગર જિલ્લા મુખ્યશિક્ષક HTAT સંઘ (સૂચિત)ના પ્રમુખ ડૉ.સુરેશભારતી ગોસ્વામી , મહામંત્રી કેતન પરમાર , ઉપપ્રમુખ પ્રજ્ઞેશ ત્રિવેદી, સહમંત્રી મેહુલ સુથાર તથા મહિલા ઉપપ્રમુખ જાગૃતિબેન વૈધ હોદ્દેદાર મિત્રોએ જિલ્લા અને રાજ્યના અધિકારીઓની શુભેચ્છા મુલાકાત લીધી. હકારાત્મક વિચારોની આપલે સાથે એકબીજાને શુભેચ્છાઓ પાઠવી અને સંગઠનની સાથે સાથે શૈક્ષણિક અને વહીવટી ચર્ચાઓ નિખાલસ મને કરવામાં આવી જેમાં વી આર ગોસાઈ નિયામક પાઠ્યપુસ્તક મંડળ ગુજરાત રાજ્ય, ડી એસ પટેલ જીસીઈઆરટી ગાંધીનગર ગુજરાત રાજ્ય, જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. બી એન પ્રજાપતિ અને પ્રાચાર્ય ડૉ. હિતેશકુમાર દવે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગરે ખૂબ જ સાથ અને સહકાર પૂરો પાડ્યો એ બદલ તમામ અધિકારી ગણનો હૃદયથી આભાર માન્યો હતો


## Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd

Tender bid inviting for **below mentioned works and material supply for Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd.** The bidder should submit technical bid, tender fee and EMD in cover separately. The bidding should be done through N-procure new portal https://tender.nprocure.com only. The right is reserved to I/C Managing Director to accept, reject or cancel the tender/offer.

| Sr. no. | Tender ID | Work Description | Tender download start date: | Tender download Last date | Last date of physical tender submission |
|---|---|---|---|---|---|
| 1 | 5071 | Tender document for Annual Supply of Plastic bags as per tender document | 12/08/2023, 09:00 hours | 25/08/2023, 18:00 hours | 26/08/2023, Up to 16:00 hours |
| 2 | 5061 | Tender document for Annual Supply of 250 gm & 500 gm Barrier Tray for Sweet Packing | 12/08/2023, 09:00 hours | 25/08/2023, 18:00 hours | 26/08/2023, Up to 16:00 hours |
| 3 | 5079 | Tender document for Annual Supply of Madhur Printed 500ML Buffalo & Cow Ghee Pouch CBX, CBX for Madhur Sweet packing barrier Tray (for 250Gm / 500Gm), Madhur Printed Butter 15 kgs Cap Cartoon Box, CBX for Madhur 1 liter ghee tin, CBX for Madhur Ice-cream cups, cone & Candy | 12/08/2023, 09:00 hours | 25/08/2023, 18:00 hours | 26/08/2023, Up to 16:00 hours |
| 4 | 5091 | Tender document for Annual Supply of Madhur Ice Cream - Cup & Cone Lid and other Packing Printed Materials | 12/08/2023, 09:00 hours | 25/08/2023, 18:00 hours | 26/08/2023, Up to 16:00 hours |
| 5 | 5075 | Tender document for Annual Supply of Madhur Sweet Multi Color Printed Sweet Barrier Tray Cover box for 20 (Approx.) Products | 12/08/2023, 09:00 hours | 25/08/2023, 18:00 hours | 26/08/2023, Up to 16:00 hours |
| 6 | 5200 | A.M.C Aluminum section work At Madhur dairy premise and Madhur dairy different units. | 12/08/2023, 12:00 hours | 22/08/2023, 18:00 Hours | 23/08/2023, Up to 16:30 Hours |
| 7 | 5213 | Annual Maintenance Contract fabrication work for Madhur dairy premise and Madhur dairy different units, | 12/08/2023, 12:00 hours | 22/08/2023, 18:00 Hours | 23/08/2023, Up to 16:30 Hours |
| 8 | 5214 | New and miscellaneous Civil work for G.D.C.M.P.U.L., Gandhinagar at Madhur dairy premise and Madhur dairy different units. | 12/08/2023, 12:00 hours | 22/08/2023, 18:00 Hours | 23/08/2023, Up to 16:30 Hours |

I/C Managing Director,
**Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd,**
Madhur Dairy, "K" Road, G.I.D.C. Electronics Estate, Sector-25, Gandhinagar-382024



KALPA-TARU®

KALPATARU PROJECTS INTERNATIONAL LIMITED
(Formerly Kalpataru Power Transmission Limited)

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India.
**CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter Ended June 30, 2023**

(₹ in Crores)

| Particulars | Consolidated | | |
|---|---|---|---|
| | Quarter Ended | | Year Ended |
| | June 30, 2023 (Unaudited) | June 30, 2022 (Unaudited) | March 31, 2023 (Audited) |
| Total Income from Operations | 4,241 | 3,677 | 16,361 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 165 | 139 | 551 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 165 | 127 | 642 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 113 | 88 | 435 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 89 | (13) | 379 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 32 | 30 | 32 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | 4,688 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| a) Basic | 7.09 | 5.43 | 29.06 |
| b) Diluted | 7.09 | 5.43 | 29.06 |

**Notes to consolidated results:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, **www.nseindia.com, www.bseindia.com** and on the Company's website **www.kalpatarupower.com**.

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on August 11, 2023. The same have also been subjected to review by the Statutory Auditors and have issued unmodified review report.

3 The Income Tax Department ('the Department') has initiated a Search ('the Search') pursuant to the provisions of section 132 of the Income tax Act, 1961 at certain premises of the Company and at the residence of some of its directors and an executive on August 04, 2023. The Search is not concluded on the date of adoption of the financial results of 30 June 2023. Pending completion of the search proceedings, the Company is unable to ascertain the consequent impact if any, on the financial results for the quarter ended 30 June 2023. The Management is of the view that such impact will not have material adjustments to these results at this stage.

4 Kalpataru Power Do Brasil Participacoes Ltda, a wholly owned subsidiary company, ("KPBPL") on July 10, 2023 has acquired remaining 49% equity stake in Fasttel Engenharia S.A., Brazil ("Fasttel") and consequently Fasttel became wholly owned subsidiary of KPBPL from the said date.

5 Information of Standalone Unaudited Financial Results of the Company are as under :-

(₹ in Crores)

| Particulars | Quarter Ended | | Year Ended |
|---|---|---|---|
| | June 30, 2023 (Unaudited) | June 30, 2022 (Unaudited) | March 31, 2023 (Audited) |
| Total Income from Operations | 3,622 | 3,139 | 14,337 |
| Profit after exceptional items and before tax | 175 | 207 | 738 |
| Profit after tax | 126 | 163 | 531 |

**Place : Mumbai**
**Date : August 11, 2023**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with **cs@kalpatarupower.com** quoting your name and folio number.